
# શ્રી આનંદ કલ્યાણ

વિ.સ. ૨૦૭૫, કારતક સુદ-૧૫ • તા. ૨૩ નવેમ્બર, ૨૦૧૮ • અંક : ૧૧

11



**શેઠ આણંદજી કલ્યાણજી**

"સહુને આનંદ સહુનું કલ્યાણ"

અમદાવાદ

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

# શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

ના ઉપલક્ષમાં

## ૫૦૦મી સાલગીરી પ્રસંગ

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬ સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

## શેઠ આણંદજી કલ્યાણજી પેઢી

## દ્વારા પ્રસ્તુત લાભ લેવાનો સુવર્ણ અવસર એટલે....


## "સુવર્ણ મહોત્સવ અવસરે આયોજિત સર્વ સાધારણ ફંડ"

૧૫ વર્ષ પછી આવનારા
સુવર્ણ મહોત્સવમાં આપણો લાભ કેમ ન હોય ?

બસ ! આજથી ફક્ત ૧ રૂપિયો પ્રતિદિન
૧ વર્ષ ના રૂા. ૩૬૦, ૧૫ વર્ષના રૂા. ૫૪૦૦.

'શેઠ આણંદજી કલ્યાણજી' નામનો એકાઉન્ટપેયી ચેક / રોકડ, ભારતની કોઈપણ એચ.ડી.એફ.સી. બેંકની શાખામાં સેવિંગ્સ એકાઉન્ટ નં. 50100185224400 માં ભરી શકાશે. ચેક ભર્યાની પે-ઈન- સ્લીપ પેઢીના અમદાવાદના સરનામે આપના નામ, સરનામા, મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસ સહિત વિગતે ફોર્મ ભરી મોકલી આપી દાનની રસીદ અવશ્ય મેળવવી.

આ માટેના ફોર્મ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી સંચાલિત બધાજ તીર્થોમાં ઉપલબ્ધ છે. તેમજ www.anandjikalyanjipedhi.org વેબસાઈટ ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.



શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનું મુખપત્ર
(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)

# શ્રી આનંદ કલ્યાણ

સળંગ અંક : ૧૧ મૂલ્ય : ૨૦ વાર્ષિક લવાજમ : ૧૦૦

## ઈષ્ટ સુખને હાથવગું કરવાના ઉપાયો

कृत्वाऽर्हत्पदपूजनं यतिजनं
नत्वा विदित्वाऽऽगमं
हित्वा संगमधर्मकर्मठधियां
पात्रेषु दत्त्वा धनम्।
गत्वा पद्धतिमुत्तमक्रमजुषां
जित्वाऽन्तरारिव्रजं,
स्मृत्वा पञ्चनमस्क्रियां कुरु कर-
क्रोडस्थमिष्टं सुखम्॥ २२॥

અરહિંત પરમાત્માના ચરણનું પૂજન કરીને,
સાધુપુરુષોને નમસ્કાર કરીને,
આગમનું જ્ઞાન મેળવીને,
અધર્મી આત્માઓના સંસર્ગને છોડીને,
પાત્રમાં ધન આપીને,
ઉત્તમ પુરુષો જે માર્ગે ચાલ્યા હોય તે માર્ગે ચાલીને,
કામ-ક્રોધ આદિ આંતર શત્રુ સમૂહને જીતીને,
તેમજ પંચ પરમેષ્ઠી ભગવંતોનું સ્મરણ કરીને
હે મહાનુભાવ ! તું ઈષ્ટ એવા મોક્ષ સુખને હસ્તગત કરી લે.

: પ્રકાશક :

શેઠ આણંદજી કલ્યાણજી
'સહુને આનંદ સહુનું કલ્યાણ'
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,
૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

'શ્રી આનંદ કલ્યાણ' (ત્રિમાસિક પત્ર)

વર્ષ-૫ | સળંગ અંક : ૧૧

પ્રકાશન

વિ.સં. ૨૦૭૫, કારતક સુદ-૧૫, તા. : ૨૩-૧૧-૨૦૧૮,શુક્રવાર

પ્રકાશક :

હર્ષદભાઈ મહેતા (જનરલ મેનેજર)

શેઠ આણંદજી કલ્યાણજી, શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦

E–mail : shree_sangh@yahoo.com

Website : www.shethanandjikalyanjipedhi.org

મુદ્રક : નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ) મો. : ૯૮૨૫૨ ૬૧૧૭૭

## જશકુંવરગામ પેઢીમાં પ્રતિષ્ઠાની બોલીઓ અંગે
## સકળ સંઘ જોગ નિવેદન

શાશ્વત ગિરિરાજ શત્રુંજય મહાતીર્થમાં પાલીતાણા જશકુંવર ગામ પેઢીમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયનો આમૂલચૂલ જિર્ણોદ્ધાર પૂર્ણ થયેલ છે. એ જિનાલયમાં મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન તથા અન્ય ૮ જિનબિંબો અને અધિષ્ઠાયિકા પદ્માવતી દેવીની મૂર્તિની પુનઃપ્રતિષ્ઠા સંબંધી બોલીઓ વિ.સં. ૨૦૭૫ કારતક વદ ૮, શુક્રવાર તારીખ ૩૦-૧૧-૨૦૧૮ના દિવસે મંગલમુહૂર્તે પાલીતાણા ખાતે રાખવામાં આવેલ છે. સહુને પધારવા તથા ભાવોલ્લાસ પૂર્વક બોલીમાં જોડાવવાં વિનંતિ છે.

આ પ્રસંગે ગિરનારજી મહાતીર્થમાં નવનિર્મિત બે કુંડના નામકરણની બોલી પણ બોલવામાં આવશે.

બોલીઓ અંગેનો આખરી નિર્ણય ટ્રસ્ટી મંડળનો અબાધિત રહેશે.

# આણંદજી કલ્યાણજી પેઢીના પ્રબંધનમાં રહેલા અમદાવાદના દેરાસરોનો પરિચય

## વાઘણપોળ - ઝવેરીવાડ

## શ્રી અજિતનાથ ભગવાનનું દેરાસર

મોટી ભમતીયુક્ત આ દેરાસર કાષ્ટનું હતું અને આજે પણ ઘણો બધો ભાગ કાષ્ટની કોતરણીવાળો જોવા મળે છે. જોકે જીર્ણોદ્ધારને કારણે ક્યાંક ક્યાંક આસર પણ નજરે ચડે છે. દેરસરના પ્રવેશદ્વારની બહાર બે મોટા ગોખમાં યક્ષ-યક્ષિણી બિરાજમાન છે. અને દેરાસરની અંદર વખતચંદ શેઠ અને તેમનાં ધર્મપત્નીની મૂર્તિ ઓ છે. દેરાસરની બહાર પાલખીમાં જતાં વખતચંદ શેઠનું ચિત્ર લટકાવેલું છે.

મૂળનાયકનો મૂર્તિલેખ સં. ૧૮૫૪ની સાલ દર્શાવે છે. તેની બાજુમાં પ્રતિમાજી પર સં. ૧૬૮૨ની સાલ આપેલી છે. મૂળનાયકની આજુબાજુના ભગવાન પરિકરયુક્ત છે. મૂળનાયક ભગવાન અજિતનાથ આરસના કોતરણીયુક્ત, સ્તંભ અને તોરણ સાથેના પરિકરયુક્ત છે. દેરાસરમાં શત્રુંજયનો આરસનો પટ છે. રંગમંડપના ઘુમ્મટની પૂતળીઓની કાષ્ટની કારીગરી બેનમૂન છે. કાષ્ટની કારીગરીવાળા થાંભલાની ઉપરની બાજુએ કાષ્ટની કોતરણીમાં નેમનાથનો વરઘોડો જોવા મળે છે. ભમતીમાંના ગભારામાંની ધાતુની સં. ૧૧૧૦ની કાઉસ્સગ્ગીયા મૂર્તિ, તેની બાજુમાં પદ્માવતી દેવીનો ગોખ તથા ભમતી પૂરી થતાં શ્રી સરસ્વતીદેવીનો ગોખ ધ્યાન ખેંચે છે.

આ દેરાસરનું બાંધકામ તથા પ્રતિષ્ઠા સં. ૧૮૫૫માં થઈ હતી. શેઠ શાંતિદાસ ઝવેરીના વંશજ શેઠ વખતચંદે આ દેરાસર તૈયાર કરાવ્યું હતું. સં. ૧૮૫૫માં આચાર્ય ઉદયસાગરસૂરિએ અજિતનાથ પ્રભુની બિંબ પ્રતિષ્ઠા કરી. આ સમયે ઘણી ધામધૂમથી મહોત્સવ થયો હતો. બીજા શ્રીમંત શ્રાવકોએ પણ જુદા જુદા બિંબની સ્થાપના કરાવી. મહોત્સવના આ પ્રસંગે જયજયકાર વર્તી રહ્યો હતો. આ દેરાસર અંગે જૈન સર્વ સંગ્રહમાં નીચે મુજબની નોંધ છે.

'ઝવેરીવાડની વાઘણપોળમાં શેઠ વખતચંદ ખુશાલચંદે બંધાવેલું શ્રી અજિતનાથ ભગવાનનું ભવ્ય દેરાસર છે. ભમતીમાં બાવન જિનાલયની દેરીઓ

છે. તેમાં પ્રવેશતાં જ શ્રી અજિતનાથ ભગવાનની ધાતુની કાઉસગ્ગિયા મૂર્તિ ઉપર સં. ૧૧૧૨ની સાલનો લેખ છે. આનું મૂર્તિવિધાન શાસ્ત્રીય દૃષ્ટિએ આબેહૂબ છે. આની સરખામણીની બીજી પ્રતિમાનો નમૂનો ક્યાંયથી મેળવવો દુર્લભ ગણાય. આમાં શેઠ-શેઠાણીની આરસની ત્રણ મૂર્તિઓ છે, જે આ મંદિરમાં લાકડામાં કોરેલો સુંદર નારીકુંજર છે, જે જૈનોના વરઘોડામાં ફેરવવામાં આવતો હતો. રંગમંડપની લાકડાની થાંભલી અને પાટડી ઉપર સુંદર કારીગરી નજરે પડે છે.'

'જૈન રાસમાળા'માં 'શ્રી શાંતિદાસજી શેઠજીનો રાસ'માં ૩૮મી ઢાળમાં પૃ. ૮૪ ઉપર નગરશેઠ વખતચંદે સં. ૧૮૫૫માં અજિતનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરાવી હતી. તે અંગેની નોંધ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે.

'સંવત અઢાર પંચાવને રે લોલ, અજિતનાથ મહારાજ,
ઓચ્છવ બહુ યુક્તે કરી રે લોલ, શેઠજી વધારી લાજ
ઉદયસાગરસૂરિ તેઢીને રે લોલ, પ્રતિષ્ઠા કેઈ બિંબ કીધ.
ધન લાહો લેઈ શેઠજી રે લાલ, પ્રભુ બેસાડી જશ લીધ'

દેરાસરના રંગમંડપની છતમાં તથા ગભારાની આજુબાજુમાં કાષ્ટની કોતરણીનાં દર્શન થાય છે.

ઉપરાંત, સં. ૧૮૯૧માં નગરશેઠ હેમાભાઈએ આ દેરાસરમાં સુવિધિનાથ કેસરિયાજી પધરાવ્યં હતાં.

## વાઘણપોળ

## ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન સં. ૧૮૫૪

વાઘણપોળમાં આવેલ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના આ ઘુમ્મટબંધી દેરાસરમાં ચાંદીના પરિકરયુક્ત મૂળનાયકની મનોહર, શ્યામ મૂર્તિ અત્યંત મનોહર છે. ગભારામાં પાર્શ્વનાથ ભગવાનની જ મૂર્તિઓ વધારે છે. તથા આરસના પદ્માવતી દેવીની મૂર્તિ ગભારામાં છે. આ દેરાસરમાં પથ્થરમાં કોતરેલ

કુલ (૩) ત્રણ પટ છે. ૧. અષ્ટાપદજીનો ૨. તેની નીચે શત્રુંજયનો અને ૩. તેની બાજુમાં પાવાપુરીનો પટ શત્રુંજયના પટમાં દરેક ટૂકની મૂળનાયકની પ્રતિમાજી કોતરેલા છે. આ બધી પ્રતિમાજી કરતાં તીર્થાધિરાજ આદેશ્વરની પ્રતિમાજી મોટી છે.

ચિંતામણી પાર્શ્વનાથનો રંગમંડપ ભવ્ય છે. જમીન પર રંગમંડપના થાંભલા પર કોતરણી છે. દેરાસરમાં સુંદર કમાનોની રચના છે. થાંભલા પર સુંદર પૂતળીઓની રચના છે. રંગમંડપમાં આવેલ બે ભંડાર બધાંનું ધ્યાન ખેંચે છે. આ ભંડાર કાષ્ટના બનેલા છે. હાથીની આકૃતિવાળા છે. હાથીએ સૂંઢમાં આમ્રલૂંબ પકડેલી છે.

આ જિનાલયમાં ત્રણ દેરાસર છે.

૧. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ૨. શાંતિનાથજી ૩. સંભવનાથજી

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું દેરાસર નગરશેઠ નથુશાએ બંધાવ્યાનો ઉલ્લેખ છે. શાંતિનાથના દેરાસરની ભીંત પરના લેખમાં સં.૧૮૭૨માં શેઠ ઈચ્છાચંદ તથા શેઠાણી ઝવેરબાઈએ પ્રતિષ્ઠા કરાવ્યાની નોંધ છે. શિલાલેખને આધારે સં. ૧૮૯૭માં ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસરનો જીર્ણોદ્ધાર સૂરજમલ શેઠે કરાવ્યાની નોંધ છે. મગનલાલ વખતચંદ કૃત 'અમદાવાદનો ઈતિહાસ' પૃ. ૧૪૨-૧૪૩ પર આ અંગેની એક નોંધ જોવા મળે છે. આ નોંધ નીચે મુજબ છે.

'આ દહેરાનાં (સરસપુરમાં આવેલા નગરરશેઠ શાંતિદાસ ઝવેરીના ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસરના) ચૌમુખની ચાર પ્રતિમાઓ ગાડામાં બેસાડી ઝવેરીવાડમાં લાવ્યા. તેમાંની ત્રણ મૂર્તિઓ જેને આદીશ્વરનું ભોંયરું કહે છે તે ભોંયરામાં બેસાડી, ને ચોથી મૂર્તિ ઝવેરીવાડમાં નિશા પોળમાં જગવલ્લભના ભોંયરામાં બેસાડી તથા મૂળનાયકની મૂર્તિ નાની શામળી ચિંતામણિ પાર્શ્વનાથની હતી તે લાવીને ઝવેરીવાડમાં સૂરજમલના દહેરામાં પધરાવી. તે મૂર્તિઓ હાલ પણ છે.'

આ દેરાસરમાં જ સં. ૧૯૪૦માં ઉજમબાઈએ ચૌમુખજીનું નાનું દેરાસર બનાવડાવ્યું.

સં. ૧૯૬૩માં પ્રગટ થયેલ જૈન શ્વેતાંબર કોન્ફરન્સની ડિરેક્ટરીમાં સંભવનાથજી તથા શાંતિનાથજીનું દેરાસર બંને દેરાસરોનો ઉલ્લેખ ધાબાબંધી દેરાસર તરીકે થયેલો છે. અને બંધાવનારનું નામ શેઠ ઈચ્છાચંદ વખતચંદ દર્શાવવામાં આવ્યું છે. ઉપરાંત તેમા સંભવનાથજીનાં દેરાસરમાં પગલાંની એક જોડનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ચિંતામણિ પાર્શ્વનાથનું દેરાસર ધાબાબંધી દર્શાવવામાં આવ્યું છે અને બંધાવનારનું નામ શેઠ સૂરજમલ વખતચંદ દર્શાવવામાં આવ્યું છે.

સં. ૨૦૦૯માં પ્રગટ થયેલ 'જૈન તીર્થ સર્વ સંગ્રહ'માં ચિંતામણિ પાર્શ્વનાથજી, શાંતિનાથજી તથા સંભવનાથજી - આ ત્રણેય દેરાસરો ઘુમ્મટબંધ હોવાનો ઉલ્લેખ છે. આ ત્રણેય દેરાસરો ચિંતામણિ પાર્શ્વનાથનાં દેરાસરની અંદર છે તેવો પણ ઉલ્લેખ છે. ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસરમાં મૂળનાયક પર સં. ૧૯૫૪નો લેખ હોવાનો ઉલ્લેખ છે.

## વાઘણપોળ

## શાંતિનાથ (સં. ૧૯૪૦)

વાઘણપોળમાં આવેલું શાંતિનાથ ભગવાનનું દેરાસર શેઠાણી ઉજમબાઈએ બંધાવ્યું છે. મૂળનાયક પર સં. ૧૯૦૩નો લેખ છે. સંભવ છે કે હઠીસિંહના દેરાસરમાં સં. ૧૯૦૩માં થયેલી પ્રતિષ્ઠા સમયે અંજનશલાકાવાળી આ પ્રતિમા હોય, આ દેરાસરમાં આરસની એક ગુરૂમૂર્તિ છે.

સં. ૧૯૧૨ની ચૈત્યપરિપાટીમાં આ દેરાસરનો ઉલ્લેખ થયો નથી. તેવી આ દેરાસર તે પછીના સમયનું એટલે કે સં. ૧૯૧૨ પછીનું હોવાનો વિશેષ સંભવ છે.

આ દેરાસર સં. ૧૯૪૦માં બંધાવ્યાનો ઉલ્લેખ મળે છે.

## આદેશ્વર ભગવાન

## વાઘણપોળ (સં. ૧૮૦૦)

વાઘણપોળમાં આવેલું આદેશ્વરનું આ દેરાસર ઘુમ્મટબંધી અને ભોંયરાવાળું છે. સુવિધિનાથજી તથા તેમના ગભારામાંની બધી પ્રતિમાજીઓ

સં. ૧૬૮૨ના મૂર્તિલેખવાળી છે. ભમતીમાં ક્ષેત્રપાલજીનો ગભારો છે. આ ભમતીમાં જ કાચજડેલું જાળિયું છે જેમાંથી ભોંયરાના ભગવાન આદેશ્વરજીના દર્શન થાય છે. રંગમંડપના જાળિયામાંથી અને ભોંયરાના દાદર ઉતરતાં એક જાળીવાળી બારીમાંથી ભોંયરાના ભગવાનની ઝાંખી થાય છે. ભોંયરામાં ત્રણેય મોટી પ્રતિમાજી આદેશ્વર ભગવાનની છે અને તેના પરનો મૂર્તિલેખ સં. ૧૮૦૦ (શક સં. ૧૬૬૬) વાંચી શકાય છે. ભોંયરાના ગભારામાં પથ્થરની કોતરણીવાળો કેટલોક ભાગ તથા રંગમંડપના પથ્થરના થાંભલા છે જે સૂચવે છે કે એક સમયે આ દેરાસર પથ્થરનું હશે. જીર્ણોદ્ધાર થઈને હાલ આસરનું બન્યું છે. ભોંયતળિયે સુવિધિનાથજીની સામે શેઠ-શેઠાણીની મૂર્તિ છે તેમાં સં. ૧૯૦૩ લખેલ છે.

આ દેરાસરનો ઉલ્લેખ ઘણા ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે. કારણ કે નગરશેઠ શાંતિદાસ ઝવેરીએ સરસપુરના ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસરમાંથી જે મૂર્તિઓ ખસેડી હતી, તે મૂર્તિઓ પૈકીની ત્રણ મૂર્તિઓ આ દેરાસરમાં છે.

નગરશેઠ શાંતિદાસ ઝવેરીનું એ ભવ્ય જિનાલય ઔરંગઝેબે સં. ૧૭૦૦માં તોડ્યું હતું. બરાબર સો વર્ષ પછી એટલે કે સં. ૧૮૦૦માં નગરશેઠ શાંતિદાસના પૌત્ર નગરશેઠ ખુશાલચંદે આદિનાથ ભગવાનના બિંબની પ્રતિષ્ઠા સં. ૧૮૦૦માં કરાવી. આ પ્રતિષ્ઠા સાગર ગચ્છના આચાર્ય શ્રી રાજસાગરસૂરિની પરંપરાના ભટ્ટારક શ્રી કલ્યાણસાગરસૂરિની નિશ્રામાં થઈ હતી. આ મુજબની માહિતીવાળો લેખ આજે પણ ઉપલબ્ધ છે.

આ દેરાસર વિશેનો ઉલ્લેખ ઈ.સ. ૧૮૫૦માં (સં. ૧૯૦૬) લખાયેલ 'અમદાવાદનો ઈતિહાસ' ગ્રંથમાં પૃ. ૧૪૨-૧૪૩ પર થયેલો છે. નગરશેઠ શાંતિદાસ ઝવેરીના સરસપુરના બાવન જિનાલયની નોંધમાં તેઓ નીચે મુજબનો ઉલ્લેખ કરે છે.

'આ દહેરાનાં (સરસપુર ચિંતામણિ પાર્શ્વનાથના બાવન જિનાલય) ચૌમુખની ચાર પ્રતિમાઓ ગાડામાં બેસાડી ઝવેરીવાડમાં લાવ્યા. તેમાંની ત્રણ મૂર્તિઓ જેને આદીશ્વરનું ભોંયરું કહે છે તે ભોંયરામાં બેસાડી, ને ચોથી મૂર્તિ ઝવેરીવાડમાં નિશાપોળમાં જગવલ્લભના ભોંયરામાં બેસાડી તથા મૂળનાયકની મૂર્તિ નાની શામળી ચિંતામણિ પાર્શ્વનાથની હતી તે લાવીને ઝવેરીવાડમાં

સૂરજમલના દહેરામાં પધરાવી. તે મૂર્તિઓ હાલ પણ છે.'

આદેશ્વર ભગવાનના આ દેરાસર અંગે 'ગુજરાતનું પાટનગર, અમદાવાદ'માં પૃ. ૬૧૫ પર નીચે મુજબની નોંધ મળે છે.

'ત્યાં જ (ઝવેરીવાડમાં જ) આદીશ્વર ભગવાનનું મંદિર છે. આ મંદિર ઈ.સ. ૧૮૦૦માં આદીશ્વરજીની પ્રતિષ્ઠા કરાવી. ત્યારબાદ સં. ૧૯૧૫માં નગરશેઠ પરિવારનાં જ શેઠ લલ્લુભાઈ પાનાચંદે આ દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. સં. ૧૯૬૩માં આ દેરાસર ફરી જીર્ણ અવસ્થામાં હતું. સં. ૨૦૦૯માં તે સારી અવસ્થામાં હતું. એટલે કે તેનો ફરી એકવાર જીર્ણોદ્ધાર સં. ૧૯૬૩થી સં. ૨૦૦૯ દરમ્યાન થયો હોવાનો સંભવ છે.

## વાઘણપોળ

## ઝવેરીવાડ (મહાવીરસ્વામી) (સં. ૧૯૦૫)

વાઘણપોળમાં આવેલું મહાવીરસ્વામીનું દેરાસર રતનપોળના માર્ગ ઉપર આવેલું છે. આ દેરાસર નગરશેઠ પ્રેમાભાઈએ બંધાવ્યાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. 'નગરશેઠ શાંતિદાસ ઝવેરી' પુસ્તકમાં પ્રેમાભાઈ અંગે પૃ. ૨૦૦ પર નીચે મુજબની નોંધ છે.

'પાલીતાણામાં ગિરિરાજ શત્રુંજય પર પાંચ લાખ રૂ.નાં ખર્ચે તેમણે 'શેઠ પ્રેમાભાઈની ટૂંક' બંધાવી હતી અને પાલીતાણા ગામમાં ધર્મશાળા બંધાવી હતી. અમદાવાદમાં ઝવેરીવાડમાં તેમણે ૪૦૦૦૦ના ખર્ચે ઈ.સ. ૧૮૪૯માં (સં. ૧૯૦૫માં) મહાવીરસ્વામીનું દેરાસર બંધાવ્યું હતું.'

સં. ૧૯૧૨માં રચાયેલી ચૈત્ય પરિપાટીમાં આ દેરાસરનો ઉલ્લેખ નીચે મુજબની પંક્તિઓમાં મળે છે.

**'સુભમતિ સુણજ્યો તે માહિ પોલ વાઘણ પર વડી**

**.................. ....................**

**તેહ પાડે ચૈત્ય સારા ખટ તણી સંખ્યા સુણો**

**આદિશ્વરને અજિતસ્વામી હોય શાંતિ જિણ ભણો**

**ચિંતામણિ રે પારસ આસ પૂરતો વીર વંદો કે સંકટ સંઘનાં ચૂરતો'**

સં. ૧૯૬૩માં જૈન શ્વેતાંબર કોન્ફરન્સની ડિરેક્ટરીમાં આ દેરાસરનો ઉલ્લેખ ધાબાબંધી દેરાસર તરીકે થયેલો છે. અને બંધાવનારનું નામ શેઠ પ્રેમાભાઈ દર્શાવવામાં આવ્યું છે. તે સમયે આ દેરાસર આશરે ૮૦ વર્ષ જૂનું હોવાનો ઉલ્લેખ છે અને પગલાંની બે જોડ હોવાનો પણ નિર્દેશ કર્યો છે.

સં. ૨૦૦૯માં પ્રગટ થયેલ 'જૈન તીર્થ સર્વ સંગ્રહ'માં વાઘણપોળમાં મહાવીરસ્વામીના દેરાસરનો ઉલ્લેખ ધાબાબંધ દેરાસર તરીકે થયેલો છે. તે સમયે આ દેરાસરમાં સ્ફટિકની છ મૂર્તિઓ તથા એક ગુરૂ મૂર્તિનો ઉલ્લેખ પણ થયેલો છે.

'જૈન રાસમાળા'માં વખતચંદ શેઠ અંગેની નોંધમાં પૃ. ૧૭ ઉપર નીચે મુજબની નોંધ આવે છે. 'વખતચંદ શેઠે ઝવેરીવાડમાં ઘણાં જિનમંદિરો બંધાવ્યાં. શાંતિદાસ શેઠના સ્મરણાર્થે આદીશ્વર પ્રભુને મંદિરમાં બેસાડ્યા. નથુશાહ શેઠે ચિંતામણિ પાર્શ્વનાથનું દેહરું કરાવ્યું. આવી રીતે ઝવેરીવાડામાં સત્તાવીશ દેહરાં શોભતાં હતાં. શેઠ સાગરગચ્છના ઉપાશ્રયમાં હંમેશા આવી ગુરુદેશના-વ્યાખ્યાન સાંભળતાં હતાં.'

ઉપરની નોંધમાં જણાવ્યાં મુજબ 'વીરનાથ' એટલે કે મહાવીર સ્વામી પ્રભુનું દેરાસર પણ વખતચંદ શેઠે બંધાવ્યું હતું.

કહેવાય છે કે આજે વાઘણપોળમાં રતનપોળના માર્ગ ઉપર આવેલું,મહાવીરસ્વામી ભગવાનના દેરાસરની જગ્યાએ વખતચંદ શેઠે બંધાવેલું, મહાવીર સ્વામીનું દેરાસર વિદ્યમાન હતું. સં. ૧૯૦૩માં એ વિસ્તારમાં મોટી આગ લાગી હતી. તેમાં શેઠની હવેલી તથા આ મંદિરનો નાશ થયો હતો. ત્યારબાદ એ જ જગ્યા ઉપર ફરીથી પ્રેમાભાઈ શેઠે પથ્થરનું આજનું વિદ્યમાન દેરાસર બંધાવ્યાનો સંભવ છે. એ સંભવના તર્કને જો સ્વીકારવામાં આવે તો આ દેરાસર સં.૧૮૫૪ થી સં. ૧૮૫૭ દરમ્યાન વખતચંદ શેઠે બંધાવ્યું હશે. જો કે આ અંગે વધુ સંશોધન કરવાની જરૂર છે.

આ દેરાસરમાં રંગમંડપમાં અંદરની કોતરણી તથા દેવકુલિકાઓમાંનાં કલાત્મક શિલ્પો ખૂબ જ આકર્ષક છે. મુખ્ય પ્રવેશદ્વાર પર હાથીની ઉપર પાલખીમાંથી વરસીદાન કરતાં હોય તેવું સુંદર રંગકામવાળું ચિત્રાંકન

ઉપસાવવામાં આવ્યું છે. આ દેરાસરમાં સ્ફટિકની પાંચ મૂર્તિ અને સ્ફટિકનું હ્રીં લખેલ યંત્ર તથા એક ગુરુમૂર્તિ વિદ્યમાન છે. ગભારામાં ધાતુના સર્પનું શિલ્પ ધ્યાન ખેંચે છે. આ દેરાસરની ભમતીના દરેક ગોખમાં મોટે ભાગે ત્રણ પ્રતિમાજીઓ છે. રંગમંડપમાં પાંચ ગોખ છે. તેમાં પાંચ આરસની પ્રતિમાઓ છે. રંગમંડપના ઘુમ્મટમાં પૂતળીઓનાં શિલ્પ છે રંગમંડપમાં આરસના એક યક્ષ તથા ગભારામાં ધાતુના એક યક્ષની નાની પ્રતિમા છે.

## દોશીવાડાની પોળ

## અષ્ટાપદજી (સં. ૧૯૧૨)

આ દેરાસરની સ્થાપના સં. ૧૯૧૨માં થઈ હતી. શેઠ મગનભાઈ કરમચંદે આ દેરાસર બંધાવ્યું હતું. તે સમયે રૂા. ૬૫૦૦૦/-નો ખર્ચ થયો હતો. દેરાસરમાં મૂળનાયક આદીશ્વર ભગવાન તથા મૂળનાયક મહાવીરસ્વામી બિરાજમાન છે. આચાર્ય શ્રી હીરવિજયસૂરીશ્વરજી મ.સા.નું ગુરુમંદિર છે. ઉપરાંત, શેઠ-શેઠાણીની મૂર્તિ છે. રાયણનાં પગલાં એટલે કે રાયણના વૃક્ષ નીચે આદીશ્વર ભગવાનનાં પગલાં પણ છે.

અહીં નંદીશ્વર દ્વીપની રચના છે. અષ્ટાપદની મોટા પથ્થરની સુંદર રચના છે. અષ્ટાપદજીની અંદર નંદીશ્વરદ્વીપમાં ચાર અંજનગિરિ પર્વતમાં કાળો આરસ, ૩૨ રતિકર પર્વતમાં લાલ આરસ તથા ૧૬ દધિમુખ પર્વતમાં સફેદ આરસ છે અને દરેક પર્વત પર ચૌમુખજી છે તથા વચ્ચે મેરુપર્વત બનાવેલ છે. તેની ઉપર પણ ચૌમુખજી છે.અષ્ટાપદનું આ દેરાસર અમદાવાદમાં વિરલ છે.

### નવતાડ

ઘી કાંટા વિસ્તરમાં આવેલ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું દેરાસર કે જેમાં મૂળનાયક રૂપે ૨૧ ઈંચના શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની પ્રાચીન અને ખૂબજ મહિમાશાળી પ્રતિમા બિરાજમાન છે. ૩ પાષાણના અને ૧૩ ધાતુના પ્રતિમાજી પૂજાય છે.

આ દેરાસરનું નિર્માણ શેઠશ્રી મગનલાલ કરમચંદ પરિવારે વિ.સં. ૨૦૦૯ની પૂર્વ કરાવ્યું હોય એવી સંભાવના છે.

('રાજનગરના જિનાલયો' પુસ્તક માંથી સાભાર)

# સત્તાને ઝૂકવાની ફરજ પાડતું જૈન- મહાજન

ભારતના ત્યારે હજી ભાગલા પડ્યા નહતા, હિન્દુસ્તાન- પાકિસ્તાન તરીકે આજે અલગ અલગ ઓળખાણ ધરાવતા બંને દેશ ત્યારે તો દિવ્ય- ભવ્ય ભારત- ભૂમિ તરીકે બિરદાવતા હતા. ભારતને કહેવાતી સ્વતંત્રતા - આઝાદી મળી નહોતી, એવા એ સ્થળ- કાળમાં અંગ્રેજો વ્યાપક સ્તરે રાજ્ય કરતા હતા, તો કયાંક કયાંક રાજ -રજવાડાઓ પોતાની સત્તા ટકાવી રાખીને રાજ્ય કરી રહ્યા હતા, ગુજરાત રાજ્ય પૈકીના કાઠિયાવાડ તરીકે ઓળખાતા વિસ્તારમાં ત્યારે રાજ-રજવાડાનું શાસન તપતું હતું. એ સમયની આ એક ઘટના છે.

તીર્થાધિરાજ શત્રુંજયનું સંચાલન ત્યારે શેઠ આણંદજી કલ્યાણજી પેઢી હસ્તક થઈ રહ્યું હતું. આ પેઢીના મુનીમ તરીકે નિયુક્ત અંબાશંકર જયરામ ભટ્ટ કંઈ જન્મે જૈન ન હતા, પરંતુ જૈન અગ્રણીઓની અણનમતા અને ખુમારીના કારણે સર્વત્ર વિખ્યાતિ પામી ચૂકેલી આ પેઢીના પ્રભાવે અજૈન મુનિમમાં પણ અજબ ગજબની ખમીરી અને ખુમારી ખળભળી રહી હતી, એની પુણ્ય -પ્રતીતિ આ ઘટના કરાવી જાય છે.

ત્યારે પેઢીમાં એ જાતનો નિયમ પ્રચલિત હતો કે કોઈ રાજ -રજવાડાનું જ્યારે ગિરિરાજની યાત્રા કરવા આગમન થાય, ત્યારે પેઢીના મુનીમે અચૂક હાજર રહેવું પડતું અને પેઢીના નીતિ-નિયમો મુજબ જ યાત્રા થાય, આ માટેની ફરજ એ મુનિમને કોઈનીય શેહશરમમાં તણાયા વિના અદા કરવાની રહેતી. એ જમાનામાં કોઈ રાજ-રજવાડાં કે કારકૂનો બૂટ પહેરીને યાત્રા કરવાની અવિધિ- આશાતના કરી ન બેસે, એ માટે બૂટ ઉતારીને મખમલના મોજા કે કપડાના મોજાનો ઉપયોગ કરાવવાનું મુખ્ય- કર્તવ્ય મુનિમે અદા કરવાનું રહેતું.

એકવાર કોઈ રાજવી યાત્રા કરવા ગિરિરાજ પર પધાર્યા. પેઢીના નિયમ મુજબ મુનીમ તરીકે અંબારામ જયરામ ભટ્ટ ગિરિરાજ પર પહોંચી ગયા. ગિરિરાજ પર ચડી ગયા બાદ મંદિરોની નગરી ગણાતો ટૂંકો- મંદિરોનો વિસ્તાર જયાં શરૂ થયો, ત્યાંજ મુનિમે રાજવીને સવિનય- વિનંતી કરી કે, આપ આ મખમલી મોજાં પહેરીને હવે આગળ વધી શકો છો. આટલું વિનવીને

મુનિમે મખમલી મોજા પહેરાવવા રાજવીએ પહેરેલા ચામડાના બૂટ ઉતારવા માટેની તૈયારી જાતે કરવા માંડી. રાજવી તો સમજુ હતા, એથી બૂટનો ત્યાગ કરીને મખમલી મોજાં પહેરવાની એમણે તૈયારી દર્શાવી, પરંતુ રાજાનો એક જીહજૂરિયો દોઢડાહ્યો હતો. એણે વચ્ચે ટપકી પડીને કહ્યું કે, ભટ્ટજી ! તમારો નિયમ જૈન પૂરતો જ મર્યાદિત હોવો જોઈએ. રાજવી તો અહીં જૈન તરીકે ભકિતભાવથી નહિ, પણ પ્રવાસી તરીકે નિરીક્ષણ- અવલોકન કરવા પધાર્યા છે. માટે આ રીતે બૂટ કઢાવીને મખમલી મોજાં પહેરાવવાનો આગ્રહ છોડી દો અને એ લખી રાખો કે, રાજવી તો બૂટ પહેરેલા રાખીને જ બધે ફરશે.

આટલું કહીને એ જીહજૂરિયાએ રાજવીની કાન ભંભેરણી કરતા રાજવીએ પણ મુનિમને કહ્યું કે, આ વાત બરાબર છે. જૈન પાસે જ આવો નિયમ પળાવવાનો આગ્રહ હજી યોગ્ય ગણાય. પરંતુ જૈન -અજૈન તમામ માટે એકસરખી રીતે તો આવો નિયમ ન જ લાગુ પાડી શકાય ને ?

મુનિમે મક્કમતા દાખવવાપૂર્વક રાજવીને પુનઃ અરજ કરી કે, આજ સુધી આવો નિયમ બરાબર પળાતો આવ્યો છે. અહીં આવનારા તમામ રાજવીને બૂટના બદલે મખમલી મોજાંનો અને અન્ય કારકુનો કપડાના મોજાનો ઉપયોગ કરીને જ આગળ વધ્યા છે. આવી મર્યાદાને ચુસ્ત રીતે પાળવા-પળાવવાનો પેઢીનો આદેશ હોવાથી જ મુનિમ તરીકે આવા અવસરે મારે હાજર રહેવું પડતું હોય છે. માટે હું આપને પુનઃ વિનવું છે કે, જૈન સંઘ અને પેઢીની આમન્યાને આપશ્રી આદરમાન આપશો જ, એવી મને પૂરેપૂરી ખાતરી છે.

રાજવી કઈ જવાબ વાળે, એ પૂર્વે તો એ જીહજૂરિયાએ જ જવાબ વાળી દીધો કે, રાજવી બૂટ નહિ જ ઉતારે, માટે આવો આગ્રહ રાખવો છોડી દો. વધારામાં એણે રાજવીનો હાથ ઝાલીને કહ્યું કે, ચાલો, રાજવી ! મોડું થઈ રહ્યું છે. રાજવી તરીકે આપની અદબ વધે કે મુનિમ તરીકે આ ભટ્ટનો કદાગ્રહ વધે ? આપે બૂટ પહેરેલા રાખીને જ ફરવા દ્વારા આ વિવાદનો કાયમી ફેંસલો ફાડી નાખવાનો છે.

સૌ જોતા જ રહ્યાં, મુનિમનું મંન કચવાતું રહ્યું. યાત્રિકો દિગ્મૂઢ બનીને વિચારતા જ રહ્યા અને રાજવીને બૂટ સાથે જ એ જીહજૂરિયો આગળ ખેંચી ગયો. મુનિમે છેલ્લો પ્રયત્ન કરી જોતા કહ્યું કે, રાજવી ! જૈન સંઘ સાથેના

મીઠા સંબંધોને મીઠા જ રાખવા હોય, તો પણ જરાક ગંભીરતાથી આ પ્રશ્ન વિચારવા હું આપને લળીલળીને વિનવું છું.

મુનિમની આ વિનવણીને ઠેબે ચડાવતા જીહજૂરિયાએ કટાક્ષમાં કહ્યું કે,વાણિયાની કોમ કરીકરીને શું કરી લેવાની છે ! માટે ક્ષત્રિય-બચ્ચા તરીકે લીધેલા નિર્ણયને રાજવી તરીકે આપે વળગી જ રહેવાનું છે.

સંઘર્ષના રોપાઈ ગયેલા બીજે જાણે ઊંડા ઉતારવા જ રાજવી પણ જીહજૂરિયાથી દોરવાઈ જઈને આગળ વધી ગયા. જેણે જેણે આ ઘટના જોઈ અને સાંભળી એ બધાને ભયજનક ભાવિના ભણકારા સંભળાઈ રહ્યા, પાલિતાણામાં ચકચારની જેમ આ બનાવી ફેલાઈ ગયો.

મુનિમે પેઢી પર આવીને તરત જ જૈન સંઘની મર્યાદાનો છડેચોક ભંગ કરનારી આ ઘટનાની તાર દ્વારા સંપૂર્ણ વિગત અમદાવાદ ખાતે તે વખતના પેઢીના અધ્યક્ષ શ્રી લાલભાઈ દલપતભાઈ ઉપર પાઠવી દીધી. બીજી તરફ પાલિતાણાની જનતા પણ આવા મર્યાદા ભંગને ઉઘાડે છોગ વખોડી રહી. વાતનું વતેસર થઈ જવાની આવી કોઈ કલ્પના પણ રાજવીને ન હતી. એમના મગજમાં પેલા જીહજૂરિયાએ વળી એવી વાત ઠસાવી દીધી કે, આ બધું મુનિમ અંબાશંકર ભટ્ટના કારણે જ થયું હોવાથી એને પકડીને કેદમાં પૂરી દેવામાં નહિ આવે, તો વિરોધનું આ વાતાવરણ આગની જેમ વધુ ને વધુ ફેલાતું જ જશે.

ભૂલ પર ભૂલનો ભોગ બનેલા રાજવી આ પછી તો ભીંત જેવી એક વધુ ભયંકર ભૂલનો ભોગ બની બેઠા અને એમણે તરત જ મુનિમને કેદમાં પૂરી દીધો. પોતાના કર્તવ્યને ખુમારી અને ખમીરીપૂર્વક અદા કરવાની પળે મુનીમે માફી માંગી લઈને જાતને હેમખેમ જાળવી જાણવાની કાયરતાને વશ થવાને બદલે કેસરિયા કરવાપૂર્વક કેદભેગા બનવાના સાહસને સહર્ષ સ્વીકારી લીધું, એથી આ વિવાદને સચ્ચાઈ-તરફી વધુ વળાંક મળતા બે -ત્રણ દિવસમાં તો સમગ્ર જૈનસંઘ આ પ્રશ્ને હલબલી ઊઠ્યો. આની ફલશ્રુતિ રૂપે સમગ્ર સંઘવતી પેઢી તરફથી એક નોટિસ રાજવી પર ફટકારવામાં આવી.

તીખા તમતમતા અને સન... સન કરતાં છૂટતા બાણ જેવા વેધક શબ્દો દ્વારા એ નોટિસમાં રાજવીને ઉદ્દેશીને જણાવવામાં આવ્યું કે, રાજવી થઈને તમે જૈનસંઘનું જે અપમાન કર્યુ છે, એ અસહ્ય છે. જૈન-ધાર્મિકોની

લાગણીને બૂટ પહેરીને ગિરિરાજ પર ફરવા દ્વારા તમે જે ઠેસ પહોંચાડી છે, એનો આઘાત શબ્દાતીત છે. સાચું સૂચન કરનારા મુનિમ અંબાશંકરને જ નહી, તમે તો એક સત્યને જેલભેગું કર્યુ છે. માટે અમારી પહેલી માંગણી અને લાગણી એ છે કે, સૌ પ્રથમ મુનિમ અંબાશંકર ભટ્ટને માનપૂર્વક કેદમુકત કરો અને મર્યાદા ભંગના ગુનાના કટુફળ ન ભોગવવા હોય, તો પેઢીના નિયમની ઉપરવટ જઈને બૂટ પહેરીને પવિત્ર ભૂમિ પર ફરવા બદલ જૈન સંઘ અને પેઢીની માફી માંગી લો.

નોટિસમાં લખાયેલા આવા શબ્દો વાંચતાની સાથે જ એકવાર તો રાજવી ફફડી ઊઠ્યા. જૈનોની જવાંમર્દી અને કોર્ટના કૌવતનો અંદાજ આવી જતા થયેલી ભૂલને હવે આગળ વધારવાને બદલે પીછેહઠ કરવા દ્વારા ભૂલને સુધારી લેવાનો વિચાર રાજવીને આવ્યો. આનો ખ્યાલ આવી જતા જ પેલા જીહજૂરિયાએ વાતને વળ ચડાવતા કહ્યું કે, રાજવી ! હવે તો પારોઠના પગલાં ભરાય જ નહિ. વાણિયાઓ તો વાત કરવામાં જ શૂરા હોય છે, માટે આ નોટિસને જરાય મહત્વ આપવાની જરૂર જ નથી. કાલે કદાચ પેઢી આપણને કોર્ટમાં ઘસડી જાય, તો ત્યાં પડશે એવા દેવાશે. કોર્ટથી અત્યારે જ ગભરાઈ જવાની કોઈ જ જરૂર નથી. માટે આ નોટિસનો જવાબ ન આપવો, એ જ જડબેસલાક જવાબ ગણાય.

કાચા કાનના રાજવી જીહજૂરિયાની આવી વાતમાં આવી ગયા. રાજવી વતી નોટિસનો કોઈ જવાબ જ ન મળતા મુંબઈની હાઈકોર્ટમાં પેઢીએ કેસ દાખલ કર્યો. કોર્ટના કિસ્સામાં હરહંમેશ બનતું હોય છે, એમ તારીખ પર તારીખ પડવા માંડી. ધર્મરક્ષાનો આ પ્રશ્ન હોવાથી પેઢીએ કેસ લડવા સારામાં સારા બેરિસ્ટરોને રોક્યા. ધક્કા પર ધક્કા ખાઈને રાજવી કંટાળી તો ગયા, પણ નાકનો સવાલ હતો, એથી '**મિંયા પડ્યા પણ તંગડી ઊંચીને ઊંચી**' આ કહેવતને સાર્થક કરતા રાજવી બરાબર ઝીંક લેવા ઝઝૂમી રહ્યા. પરંતુ સત્ય રાજવીના પક્ષમાં નહોતું, એથી હાઈકોર્ટે જે ચુકાદો આપ્યો, એ સાંભળીને રાજવીના હાજાં ગગડી ગયા. ચુકાદો પેઢીની તરફેણમાં આવી જતા હજી પણ બાજી સુધારી લેવાની તક હતી, પણ હાર્યા પછી બમણું રમણા જુગારીની અદાથી રાજવી એ ચુકાદાને શિરોધાર્ય ન કરી શક્યા. એમણે તો મુંબઈ-હાઈકોર્ટના આ ચુકાદાની

સામે બ્રિટનની કોર્ટમાં કેસ દાખલ કર્યો.

ઘણી ઘણી પ્રતીક્ષા બાદ જેનો અંત દેખાયો હતો, એ કોર્ટના ચકરાવા પુનઃ શરૂ થયા. વાદી-પ્રતિવાદી સુનાવણી, દાખલા-દલીલ જેવી સુદીર્ઘ-પ્રક્રિયા પૂર્ણ થતા, પેઢીને જેવા ચુકાદા માટે પૂરો વિશ્વાસ હતો અને રાજવીએ જેવા ચુકાદાની આશા સ્વપ્નેય સેવી ન હતી, એવા ચુકાદારૂપે બ્રિટનની કોર્ટે પણ આણંદજી કલ્યાણજી પેઢીને વિજયી જાહેર કરીને રાજવીને ગુનેગાર ઠરાવવાપૂર્વક એવો ફેંસલો રાજવીના માથે ફટકાર્યો કે, રાજવીએ જૈન સમાજની લેખિત માફી માંગવી અથવા તો રાજ્યની હદ છોડીને અન્યત્ર જતા રહેવું.

બ્રિટનનો આ ચુકાદો માથે ચડાવ્યા વિના રાજવીનો છૂટકારો થાય એમ જ નહતો. જૈન સમાજની લેખિત માફી માંગવાપૂર્વક રાજવીએ કેદમુક્તિ અપાવીને અંબાશંકર ભટ્ટને પોતાની પાસે બોલાવીને જણાવ્યું કે, રાજા રાવણનું રાજ જે કારણે રોળાયું હતું, એ કારણને નજર સમક્ષ રાખીને મેં જો તમારા જેવાની સલાહ કાને ધરી હોત, તો મારા માટે આવી નાલેશી વેઠવાનો વખત ન આવત. હું ઈચ્છું છું કે, હવે રાજયનું દીવાનપદ તમે સ્વીકારી લો. જેથી આ પ્રશ્ન પર પૂર્ણવિરામનો પડદો પડી જવા પામે. અદ્ભૂત ખુમારી અને ખમીરી ધરાવતા પેઢના મુનિમની વફાદારીના તો વખાણ થઈ શકે એમ જ ન હતા. એમણે કહ્યું :

'રાજવી ! મારે એક ભવમાં બે ભવ કરવા નથી. જૈનધર્મની સેવા આ પેઢીના માધ્યમે કરી શક્યો છું, એની શાન વધારવા હું પેઢીની વફાદારીને જ વળગી રહેવા માંગું છું.'

મુનિમનો આ જવાબ અને મનોરથ સાંભળીને રાજવી જ નહિ, માત્ર આણંદજી કલ્યાણજીની પેઢી જ નહિ, સમગ્ર જૈન સંઘ અહોભાવિત બનીને જે રોમાંચ અનુભવી રહ્યો, એવી અનુભૂતિ માટે યુગોના યુગો સુધી હવે કદાચ પ્રતીક્ષા કરવી પડે અને તોય એ પ્રતીક્ષા-પૂર્તિ ન જ થાય, તોય નવાઈ નહિ.

(પૂ.. આચાર્યદેવશ્રી પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ., દ્વારા લિખિત 'ગરવી ગાથા ગિરિરાજની' પુસ્તકમાંથી સાભર)

કાર્તિક પૂર્ણિમાના પ્રસંગે વિશેષ

## દ્રાવિડ અને વારિખિલ્લ

શ્રી ઋષભદેવ સ્વામીના સો પુત્રોમાં દ્રવિડ નામનો એક પુત્ર હતો. તેનાં નાથી દ્રવિડ દેશ વિખ્યાત થયો. દ્રવિડ રાજાને દ્રાવિડ અને વારિખિલ્લ નામના બે પુત્રો હતા. દ્રવિડ રાજાએ દિક્ષા ગ્રહણ કરી, ત્યારે તેમણે દ્રાવિડને મિથિલાનું રાજ્ય આપ્યું અને વારિખિલ્લને એક લાખ ગામો આપ્યાં. સમય પસાર થતાં વારિખિલ્લને જોઈ દ્રાવિડ તેનાં પર કાંઈક ઈર્ષ્યા રાખવા લાગ્યો અને વારિખિલ્લ પણ દ્રાવિડનું રાજ્ય પડાવી લેવા લુબ્ધ થયો.

એક વખત દ્રાવિડના નગરમાં આવાસ કરીને રહેલા વારિખિલ્લને દ્રાવિડે કહ્યું, 'તારે આજથી મારું નગર છોડી દેવું અને તારા પોતાના સ્થાનમાં જતા રહેવું.' તેથી ક્રોધ પામી તે વારિખિલ્લ તત્કાળ પોતાના નગરમાં ચાલ્યો ગયો. ત્યાં જઈને યુદ્ધ કરવા તૈયારી કરી. તે વાત જાણી દ્રાવિડ રાજાએ પણ યુદ્ધની તૈયારી કરી. પરસ્પર યુદ્ધ કરવા તૈયાર બંને રાજાઓએ પોત-પોતાના સૈન્યની વચ્ચે પાંચ-પાંચ યોજનનું અંતર રાખીને પોતાના પડાવો નાંખ્યા. બંને સેનાઓમાં રહેવા મુખ્ય પુરુષોએ સંધિ કરવા સામસામા દૂતો મોકલ્યા. પણ દ્રાવિડ તથા વારિખિલ્લ માન્યા નહીં અને યુદ્ધ કરવાનો નિર્ણય કર્યો. બંને સૈન્યોમાં તે સમયે દશ કરોડ પાયદળ, દશ લાખ રથો, દશ લાખ હાથીઓ, પચાસ લાખ ઘોડાઓ તથા સંખ્યાબંધ રાજાઓ હતા. ત્યારબાદ યુદ્ધનો દિવસ આવ્યો ત્યારે બંને સૈન્યો યુદ્ધભૂમિ તરફ ચાલવા લાગ્યા અને યુદ્ધભૂમિ પર ઘોર સંગ્રામનો પ્રારંભ થયો. સાત મહિના સુધી અતિ ભયંકર યુદ્ધ થયું. ત્યારબાદ ચોમાસાના દિવસો આવવાથી યુદ્ધ વિરામ પામ્યું. ઉંચી જગ્યા પર ઘાસની ઝુંપડીઓ કરીને તે બંને સેનાએ મુકામ કર્યો.

વર્ષાઋતુ વીત્યા પછી શરદઋતુ આવી. ત્યારે દ્રાવિડના મંત્રી વિમયબુદ્ધિએ દ્રાવિડ રાજાને વિનંતી કરી, હે મહારાજ ! અહીંથી નજીકના શ્રીવિલાસ નામના વન પાસે કેટલાક તાપસો તપસ્યા કરે છે. તેઓ જીર્ણ વલ્કલનાં વસ્ત્રો પહેરે છે અને કંદમૂળ ફળાદિ ખાય છે. જો આપનો આદેશ હોય તો આપણે તેમને વંદન કરવા જોઈએ. આ સાંભળી દ્રાવિડ રાજા સૈન્ય

સહિત તે તાપસો પાસે ગયાં.

તેમાં મુખ્ય તાપસ પર્યંકાસને બેઠેલા જપમાળા ફેરવતા હતા. વલ્કલના વસ્ત્રો પહેર્યાં હતાં, ગંગાજીની માટીથી સર્વ અંગ પર વિલેપન કર્યું હતું, જટાથી શોભી રહ્યા હતા અને શ્રી આદિનાથ પ્રભુના ધ્યાનમાં મગ્ન હતા. અન્ય તપસ્વીઓ તથા બીજા ધર્માર્થી લોકો તેમની સેવા કરતા હતાં. યોગ્ય સમયે હાથરૂપી પાત્રમં ફળ-ફળાદિનો આહાર કરતા, સુવલ્ગુ નામના એ તપસ્વીને દ્રાવિડ રાજાએ પ્રણામ કર્યા, સુવલ્ગુ ઋષિએ પણ ધ્યાન પૂર્ણ કરીને રાજાને આશીર્વાદ આપ્યા. પછી રાજા પરિવાર સહિત તેમની પાસે યોગ્ય સ્થાને બેઠા. ત્યારે સુવલ્ગુ ઋષિ નિર્મળ વાણીમાં દ્રાવિડ રાજાને ઉદ્દેશીને બોલ્યા :

હે રાજન્ ! આ સંસાર, સાગરની ઉર્મિઓ જેવો અતિ ચંચળ છે. તેમાં વિષયના વમળોમાં અટવાઈ પ્રાણીઓ ડૂબી જાય છે. સન્માર્ગે ચાલનારા પ્રાણીને પણ વિષયો દગો દે છે. વિષયોને વશ થયેલ જીવ સંસારમાં તીવ્ર દુઃખોને ભોગવે છે. વિષયોથી પણ અતિદારૂણ કષાયો છે. ક્રોધ આત્માનાં સર્વ પુણ્યકર્મોને બાળી નાંખે છે.

ધર્મરૂપી વૃક્ષનું બીજ દયા છે. ક્રોધથી દયાનો નાશ થાય છે. એટલે ક્રોધીને દયા હોતી નથી. પ્રમાદથી પણ જીવોની હિંસા થાય તો કુયોનિઓમાં જન્મ લેવો પડે છે અને ક્રોધથી કરેલી હિંસા તો નરકનું કારણ બને છે. તેથી બુદ્ધિમાન આત્માઓએ એકેન્દ્રિય જીવોની હિંસા પણ ત્યજવી જોઈએ. જે મનુષ્યો રાજ્યાદિનાં સુખોમાં મૂંઝાઈને અશ્વો, હાથીઓ અને મનુષ્યોને હણે છે, તેઓ અજવાળું કરવાની બુદ્ધિએ પોતાનું ઘર બાળુ છે. તો હે રાજન્ ! પરિણામે નરકને જ આપનાર રાજ્ય ખાતર તું ભાઈની સાથે વૈર બાંધીને કરોડો જીવોનો સંહાર કેમ કરે છે ? આ શરીર ક્ષણભંગુર છે. લક્ષ્મી જળના પરપોટા સમાન છે. તેની ખાતર તું હવે પાપનો ત્યાગ કર. તેમાં પણ ભાઈની સાથે વૈર બાંધવું એ તો પોતાની જ એક આંખ ફોડવા જેવું છે. ગુણહીન, દરિદ્ર, કંજૂસ અને અતિ દુઃખ આપનારો એવો પણ બંધુ હોય તો તે ઉત્તમ છે. માટે હજી પણ તું યુદ્ધથી અટકી જા. આ પ્રમાણે ઉપદેશ સાંભળીને દયાથી આર્દ્ર હૃદયવાળો રાજા બોલ્યો : હે મહાત્મન્ ! ભરત ચક્રવર્તી, આદિત્યયશા તથા બાહુબલી આદિ ભગવાન શ્રી ઋષભદેવ સ્વામીના પુત્રોએ પણ કારણ ને વશ થઈ પરસ્પર

યુદ્ધ કર્યું હતું. તેઓએ પણ યુદ્ધમાં હાથી, ઘોડા, મનુષ્યો, પાઠા વગેરે મોટી સંખ્યામાં હણ્યા હતા. આમ કરવા છતાં પણ તેઓ સ્હેજે દોષિત ન થયા, મારો ભાઈ વારિખિલ્લ તો કોપથી કલુષિત છે અને અયોગ્ય માર્ગને પ્રવર્તાવનાર છે. પોતે રણસંગ્રામમાં આગળ થઈને નીકળ્યો છે. છતાં જો તે પાછો હઠે, તો હું પણ યુદ્ધ ત્યજીને મારા દેશમાં જઈશ.

દ્રાવિડની વાત સાંભળી સુવલ્ગુએ કહ્યું : ભરતેશ્વર આદિનું જે દ્રષ્ટાંત તેં કહ્યું, તે જરાય યોગ્ય નથી. કારણ કે ભરતે પૂર્વભવમાં મુનિવરોને દાન આપ્યું. તેથી ચક્રવર્તીની સંપત્તિ પ્રાપ્ત કરી હતી અને બાહુબલિએ મુનિઓની વૈયાવચ્ચ કરી, અતિશ્રેષ્ઠ બાહુબલ ઉપાર્જ્યું હતું.. જયરે ચક્રરત્ન આયુધશાળામાં ન પેઠું ત્યારે ભરતે બાહુબલિને શરણે આવવા કહ્યું. પણ બાહુબલિએ કહેવડાવ્યું કે, 'હું પિતાશ્રી ઋષભદેવ સિવાય અન્યને નમસ્કાર નહીં કરું.' એથી તેઓનું યુદ્ધ થયું. પણ છેવટે તે બંને વીરોએ દેવોનાં વચનને માન્ય રાખીને રણસંગ્રામ ત્યજીને પરસ્પર દ્વન્દ્વ યુદ્ધ જ કર્યું અને છેવટે તો બાહુબલિએ ત્યાં જ દીક્ષા લીધી અને ભરતે પણ તેમને ખમાવ્યા હતા. આ રીતે તેમને બરાબર તું યાદ કર ! અને એ બંને મહાપુરુષોને આ પ્રસંગે વચ્ચે લાવીને તું તેઓને શા માટે દૂષિત કરે છે ? ભગવાનના પુત્રો મહાપરાક્રમી, ઉદાર, ગુણવાન, ક્ષણવારમાં કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. તે જ સ્વામીના તમે પૌત્રો છો. તેમની જેમ તમે પણ તમારા આત્માનું કલ્યાણ કરો.

સુવલ્ગુ તાપસની આ વાત સાંભળીને કાંઈક લજ્જા પામેલા દ્રાવિડ રાજા ક્ષમાપના કરતાં બોલ્યા કે, મેં અજ્ઞાનતાથી, મારા મહાન્ પૂર્વજોને દૂષિત કર્યા. તેનું મિથ્યાદુષ્કૃત આપું છું. હવે મારે જે કરવા યોગ્ય હોય તે કહો. ત્યારે તાપસે કહ્યું, રાજન્ ! કેવળ પાપકર્મના આશ્રયરૂપ આ લડાઈને હમણાં જ બંધ કર અને તારા આત્માનું હિત ચિંતવ.

સુવલ્ગુની વાણીથી બોધ પામેલા દ્રાવિડ રાજાએ કહ્યું, 'હે ભગવન્ ! તમે જ મારા ગુરુ, તમે જ મારા દેવ અને તમે આ સંસારસાગરમાંથી મારો ઉદ્ધાર કરનારા છો. માટે હે દયાસાગર ! મારી ઉપર તમે પ્રસન્ન થાઓ અને મને દીક્ષા આપો.એમ કહી મુનિના વચનથી પોતાના બંધુને ખમાવવા જલ્દીથી એકલા જ તેના સૈન્યની અંદર ગયા. તેમને ઉતાવળથી એકલા જ આવતા

જોઈ વારિખિલ્લે પણ તત્કાળ પોતાના આસન ઉપરથી ઉભા થઈને પ્રણામ કર્યા અને કહ્યું કે, મારા ભાગ્ય વડે આપ મારા ઘેર પધાર્યા છો. માટે પ્રસન્ન થઈને આ રાજ્ય ગ્રહણ કરો. દ્રાવિડે પણ મુનિએ કહેલા બોધની વાત કહી અને પછી કહ્યું. 'હે બંધુ ! ઉત્તમ બોધના લાભથી મારું રાજ્ય પણ હું છોડી દેવાની ઈચ્છાવાળો છું. તો તમારા રાજ્યનો શી રીતે આદર કરું ? હે ભ્રાતા ! તમને મેં કોપાવ્યા છે તેથી ખમાવવા માટે જ હું આવ્યો છું હવે આ રાજ્ય છોડી ઉચ્ચ એવા વ્રત સામ્રાજ્યને ગ્રહણ કરીશ.' વડીલબંધુની આવી ધર્મયુક્ત વાણી સાંભળી વારિખિલ્લ બોલ્યો, 'પ્રથમની માફક પૂજ્ય વડીલબંધુનો સેવક એવો હું પણ વ્રત સામ્રાજ્યને જ ગ્રહણ કરીશ.'

એવીરીતે પરસ્પર વિચારણા કરી, બંને રાજા સૈન્ય સહિત, વ્રત લેવાની ઈચ્છાવાળા બનીને સુવલ્ગુ મુનિ પાસે ગયા. પોત-પોતાના રાજ્ય ઉપર પોતાના પુત્રોને બેસાડી મંત્રીસહિત દસ કરોડ મનુષ્યોની સાથે તેમણે તાપસી દીક્ષા લીધી. જટાને ધારણ કરનારા, કંદમૂળ ફળને ખાનારા, ગંગાની માટીથી અંગે વિલેપન કરનારા, પ્રતિદિન ધ્યાનમાં લીન, મૃગનાં બચ્ચાંઓની સાથે વસતા, જપમાલાથી શ્રી યુગાદિપ્રભુને નિરંતર જપતા, દોષથી વર્જિત અને હંમેશાં સરળ ગુણવાળા તે બધાએ તાપસ પણામાં લાખો વર્ષ પસાર કર્યા.

એક વખત નમિ રાજર્ષિના બે વિદ્યાધર મુનિશિષ્યો ત્યાં ઉતર્યા. તેઓને જોઈ સર્વ મુમુક્ષુ તાપસોએ તેમને ભક્તિથી નમસ્કાર કરી પૂછ્યું, 'હે મુનિઓ ! તમે ક્યાંથી આવો છો ? અને ક્યાં જવાનું છે ?' મુનિઓ બોલ્યા : અમે શ્રી જિનેશ્વરદેવની સેવા માટે પુંડરીકગિરિએ જઈએ છીએ. તે પછી તેમણે શત્રુંજયગિરિ સબંધી પૃચ્છા કરી. તેથી તેમના ઉદ્ધાર માટે વિદ્યાધર મુનિએ નિમ્ન વૃતાંત કહ્યો.

સૌરાષ્ટ્ર દેશમાં શ્રી શત્રુંજય ગિરિરાજ જયવંતો વર્તે છે. તેના ઉપર તે તીર્થના પ્રભાવથી અનંત જીવો સિદ્ધ થયા છે. અને ભાવિમાં ઘણા સિદ્ધો થશે. ત્યાં યુગાદિ પ્રભુ રહેલા છે, જેમ સૂર્યનો ઉદય થવાથી અંધકાર નાશ પામે છે. તેમ તે તીર્થમાં ક્ષણવારમાં હત્યાદિક પાપો નાશ પામે છે.

શત્રુંજયગિરિનો આવો મહિમા સાંભળી તે તપસ્વીઓ તે બંને મુનિઓ સાથે ચાલ્યા. જીવની જયણાપૂર્વક ચાલતા અને જે મળે તેનો આદર કરતા

તેઓએ આગળ જતાં એક સરોવર જોયું. તાપની શાંતિ માટે તેની પાળ ઉપર ગયા અને જીવરહિત સ્થાને વૃક્ષોની છાયામાં વિસામો લેવા લાગ્યા. ત્યાં બીજા હંસોથી વીંટાઈ, મરવા પડેલા એક હંસને તેઓએ જોયો. માણસો આવેલા જોઈ, ભયથી બીજા હંસો તે હંસને છોડીને ચાલ્યા ગયા. તે વખતે તે તાપસોમાંથી એક દયાળુ મુનિએ ત્યાં જઈ પોતાના પાત્રમાંથી જળ લઈને તેના મુખમાં નાખ્યું. તેથી તેને થોડીક શાંતિ થઈ. પછી તે મુનિએ હંસને અંતિમ આરાધના કરાવતા કહ્યું, 'હે જીવ ! ઘણાં દુઃખદાયક આ સંસરમાં તને ચાર શરણ હો. જે જે ભવમાં તેં જે જે જીવોને વિરાધ્યા હોય, તે સર્વ જીવોને તું ખમાવ અને તેઓ તને ક્ષમા કરો. હવે તું શત્રુંજય તીર્થનું અને શ્રી આદિનાથ પ્રભુનું સ્મરણ કર.' આ પ્રમાણે કહી તે મુનિએ તેને વારંવાર નવકાર મંત્ર સંભળાવ્યો.

પંચ નમસ્કાર સ્મરણથી પીડારહિત થયેલો હંસ સમાધિપૂર્વક મૃત્યુ પામી સૌધર્મ દેવલોકમાં ઉત્તમ દેવ થયો.

મુનિના ઉપદેશથી સર્વે તાપસોએ પણ પોતાની મિથ્યાત્વની ક્રિયા છોડીને જિનેશ્વરોક્ત વ્રતને અંગીકાર કર્યું. વ્રત પ્રત્યે વિશેષ આસ્થાવાળા થઈ મુનિઓની અનુજ્ઞા લઈ તેઓએ શત્રુંજય તરફ ચાલ્યા, માર્ગમાં યતનાપૂર્વક ચાલતા શ્રી સિદ્ધાચલનાં દર્શન થતાં અતિ આનંદ પામ્યા. પછી તેઓ તે ગિરિવર પર ચડ્યા. ઉપર રાયણ વૃક્ષને ત્રણ પ્રદક્ષિણા કરી, શ્રી આદિનાથ પ્રભુને નમસ્કાર કર્યો અને પ્રભુના ગુણો ગાવા લાગ્યા.

તે બે મુનિઓએ તેમને કહ્યું, 'હે સાધુઓ ! તમે આ ઉત્તમ ક્ષેત્રના પ્રભાવથી અહીં કેવળજ્ઞાન પામી મોક્ષે જશો. તેથી તમારે આ ક્ષેત્રમાં જ રહેવું. આવી રીતે આદેશ કરી તે બંને દેવર્ષિઓ પોતાની કાંતિથી પૃથ્વી અને આકાશને પ્રકાશિત કરતા આકાશમાર્ગે ચાલ્યા ગયા.

પછી દ્રાવિડ અને વારિખિલ્લ વગેરે મુનિઓ તે તીર્થનાં અને શ્રી જિનેશ્વરનાં ધ્યાનમાં તત્પર થઈ, માસોપવાસ કરીને તે જ ઠેકાણે રહ્યા. અનુક્રમે સમસ્ત મોહનીય કર્મનો ક્ષય કરી, અંતમાં નિર્યામણા આરાધના આચરી, મન-વચન-કાયાથી સર્વ પ્રાણીઓને ખમાવી, નિર્મળ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી આઠે કર્મના ક્ષયથી અંતર્મુહૂર્તમાં તે દસ કરોડ સાધુઓ મોક્ષ પામ્યા. પેલો હંસ જે સૌધર્મ દેવલોકમાં દેવ થયો હતો, તેણે ત્યાંથી આવી ભક્તિથી તેમનો નિર્વાણ

મહોત્સવ કર્યો અને બીજા લોકોને પોતાનું સ્વરૂપ જણાવી ત્યાં 'હંસાવતાર' નામે પવિત્ર તીર્થ સ્થાપી પાછો દેવલોકમાં ગયો.

જેમ ચૈત્ર માસની પૂર્ણિમાએ પુંડરીક ગણધર મોક્ષે ગયા, તેમ કાર્તિકી પૂર્ણિમાએ દ્રાવિડ-વારિખિલ્લ આદિ મોક્ષે ગયા. તેથી કાર્તિકી પૂર્ણિમા અને ચૈત્રી પૂર્ણિમા એ બે પર્વો પ્રસિદ્ધ થયા છે. તેથી તે પૂર્ણિમાએ ત્યાં યાત્રા, તપ અને દેવાર્ચન કરવાથી બીજા દિવસ કરતાં અધિક પુણ્ય થાય છે. કાર્તિકી પૂર્ણિમાએ ત્યાં માત્ર એક ઉપવાસ કરે તો બ્રહ્મહત્યા, સ્ત્રીહત્યા અને ગર્ભહત્યાના પાપમાંથી મુક્ત થાય છે. વૈશાખ, કાર્તિક અને ચૈત્ર માસની પૂર્ણિમાએ જેઓ સંઘ લઈ સિદ્ધાચલ ગિરિરાજે આવી આદરથી દાન અને તપ કરે છે, તેઓ મોક્ષસુખ પામે છે.

તે મુનિઓના પુત્રોએ સિદ્ધાચલ ઉપર ઘણા દેરાસરો બંધાવ્યા. આ રીતે કરોડો મુનિઓ વિમલાચલ ઉપર મોક્ષ પામ્યા. તેથી આ તીર્થ ત્રણ જગતમાં વિશેષ પ્રખ્યાત થયું.

**કાર્તિકસુદી પૂનમ દિને દશકોડી અણગાર**
**દ્રાવિડ વારિખિલ્લજી સિદ્ધ થયા નિરધાર**

**અમદાવાદની અડોઅડ આવેલું સોહામણું તીર્થ શ્રી શેરીસા!**

યાત્રા તો તમે અનેકવાર કદાચ કરી હશે ! પણ ઈતિહાસ ખબર છે ? એ તીર્થના સર્જનની પાછળની મજેદાર કહાણી સાંભળી છે ?

એનું આહ્લાદક વાતાવરણ, એ વાતાવરણમાં વહેતી ઉર્જા.... એની વાતો ખબર છે ? નહી ! તો પછી તમે **શ્રી શેરીસા તીર્થ (સચિત્ર-રંગીન તીર્થ પરિચાયિકા)** પુસ્તક જોયું જ નથી? આજે જ વસાવી લ્યો

**શ્રી શેરીસા તીર્થ : મૂલ્ય : રૂા. ૭/-**

**શ્રી તારંગા તીર્થની યાત્રા કરી છે ? કરવી છે ! તો આ પુસ્તક તમારી પાસે જોઈએ જ !**

**રાજર્ષિ કુમારપાળ વિનિર્મિત શ્રી તારંગા તીર્થ. મૂલ્ય : રૂા. ૩૦/-**

તારંગા તીર્થની જાણકારી હાથવગી બની રહેશે ! એનો ઈતિહાસ.. એના દેરાસરોની માહિતી.... મુખ્ય જિનાલયનો કળા વૈભવ... અન્ય દેરાસરોમાં સચવાયેલો શિલ્પ તથા કળાનો ખજાનો..... આવી તો અનેક વાતો.... અને તીર્થના અનેક બહુરંગી ફોટાઓ સાથે !

## કાર્તિક પૂર્ણિમાના દિવસે પટ સમક્ષ અપાતા
## શત્રુંજયનાં ૨૧ ખમાસણા

સિદ્ધાચલ સમરું સદા, સોરઠ દેશ મોઝાર,
મનુષ્ય જન્મ પામી કરી, વંદું વાર હજાર.
અંગ વસન મન ભૂમિકા, પૂજોપગરણ સાર,
ન્યાયદ્રવ્ય વિધિ શુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર.
કાર્તિક સુદ પૂનમદિને, દશ કોડિપરિવાર,
દ્રાવિડ ને વારિખિલ્લજી, સિદ્ધ થયા નિરધાર.
તિણે કારણ કાર્તિક દિને, સંઘ સકળ પરિવાર,
આદિ દેવ સન્મુખ રહી, ખમાસમણ બહુ વાર.
એકવીસ નામે વર્ણવ્યો, તિહાં પહેલું અભિધાન,
'શત્રુંજય' શુકરાજથી જનક વચન બહુમાન. ૧ સિદ્ધાચલ૦-૧
સમોસર્યા સિદ્ધાચળે, પુંડરીક ગણધાર,
લાખ સવા મહાતમ કહ્યું, સુરનર સભા મોઝાર
ચૈત્રી પૂનમને દિને, કરી અણસણ એક માસ,
પાંચ કોડિ મુનિ સાથશું, મુક્તિનિલયમાં વાસ.
તિણે કારણ 'પુંડરીક ગિરિ' નામ થયું વિખ્યાત,
મન વચન કાયે વંદીએ, ઊઠી નિત્ય પ્રભાત. સિદ્ધાચલ૦-૨
વીસ કોડિશું પાંડવા, મોક્ષે ગયા ઇણે ઠામ,
એમ અનંત મુક્તે ગયા, 'સિદ્ધક્ષેત્ર' તીણે નામ. સિદ્ધચલ૦-૩
અડસઠ તીરથ નાહતાં, અંતરંગ ઘડી એક,
તુંબી જળ સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક.
ચંદ્રશેખર રાજા પ્રમુખ, કરમ કઠીન મલધામ,
અચળપદે વિમલા થયા, તિણે 'વિમલાચલ' નામ. સિદ્ધાચલ૦-૪
પર્વતમાં સુરગિરિ વડો, જિન અભિષેક કરાય,
સિદ્ધ હુઆ સ્નાતક પદે, સુરગિરિ નામ ધરાય.
ભરતાદિ ચૌદ ક્ષેત્રમાં, એ સમ તીરથ ન એક,

તિણે 'સુરગિરિ' નામે નમું, જ્યાં સુરવાસ અનેક. સિદ્ધાચલ૦-૫
એંસી યોજન પૃથુલ છે, ઊંચપણે છવીસ,
મહિમાએ મોટો ગિરિ, 'મહાગિરિ' નામ નમીશ. સિદ્ધાચલ૦-૬
ગણધર ગુણવંતા મુનિ, વિશ્વમાંહે વંદનિક,
જેહવો તેહવો સંયમી, એ તીરથે પૂજનિક.
વિપ્રલોક વિષધર સમા, દુખીયા ભૂતલ માન,
દ્રવ્ય લિંગ કણ ક્ષેત્ર સમ, મુનિવર છીપ સમાન,
શ્રાવક મેઘ સમા કહ્યા, કરતાં પુણ્યનું કામ,
પુણ્યની રાશિ વધે ઘણી, તેણે 'પુણ્યરાશિ' નામ. સિદ્ધાચલ૦-૭
સંયમધર મુનિવર ઘણા, તપ તપતાં એક ધ્યાન,
કર્મ વિયોગે પામીયા, કેવળ લક્ષ્મી નિધાન.
લાખ એકાણું શિવ વર્યા, નારદશું અણગાર,
નામ નમો તેણે આઠમું, 'શ્રીપદ' ગિરિ નિરધાર. સિદ્ધાચલ૦-૮
શ્રી સીમંધરસ્વામીએ, એ ગિરિ મહિમા વિલાસ,
ઈંદ્રની આગ્રે વર્ણવ્યો, તેણે એ 'ઈંદ્રપ્રકાશ'. સિદ્ધાચલ૦-૯
દશ કોડિ અણુવ્રતધરા, ભક્તે જમાડે સાર,
જૈન તીર્થ યાત્રા કરે, લાભ તણો નહિ પાર.
તેહ થકી સિદ્ધાચળે, એક મુનિને દાન,
દેતાં લાભ ઘણો હુવે, 'મહાતીર્થ' અભિધાન. સિદ્ધાચલ૦-૧૦
પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાળ અનંત,
શત્રુંજય મહાતમ સુણી, નમો 'શાશ્વતગિરિ' સંત. સિદ્ધાચલ૦-૧૧
ગૌ નારી બાલક મુનિ, હત્યા ચાર કરનાર,
જાત્રા કરતાં કાર્તિકી, ન લહે પાપ લગાર.
જે પરદારા લંપટી, ચોરીના કરનાર,
દેવદ્રવ્ય ગુરુદ્રવ્યના, જે વળી ચોરણહાર,
ચૈત્રી કાર્તિકી પૂનમે, કરે જાત્રા ઈણે ઠામ,
તપ તપતાં પાતિક હણે, તિણે 'દૃઢશક્તિ' નામ. સિદ્ધાચલ૦-૧૨

ભવ ભય પામી નીકળ્યા, થાવચ્ચાસુત જેહ,
સહસ મુનિશું શિવ વર્યા 'મુક્તિનિલય' ગિરિ તેહ. સિદ્ધાચલ૦-૧૩
ચંદા સૂરજ બેઉ જણા, ઊભા ઈણે ગિરિ શ્રૃંગ,
વધાવીયો વર્ણન કરીને, 'પુષ્પદંત' ગિરિ રંગ. સિદ્ધાચલ૦-૧૪
કર્મ કઠણ ભવજલ તરી, ઈહાં પામ્યા શિવસદ્મ,
પ્રાણી પ્રદ્મ નિરંજની, વંદો ગિરિ 'મહાપદ્મ'. સિદ્ધાચલ૦-૧૫
શિવ વહુ વિવાહ ઓચ્છવે, મંડપ રચીયો સાર,
મુનિવર બેઠક ભણી, 'પૃથ્વીપીઠ' મનોહાર. સિદ્ધાચલ૦-૧૬
શ્રી 'સુભદ્રગિરિ' નમો, ભદ્ર તે મંગલ રૂપ,
જલ તરુ રજ ગિરિવરતણી, શિષ ચઢાવે ભૂપ. સિદ્ધાચલ૦-૧૭
વિદ્યાધર સુર અપ્સરા, નદી શત્રુંજી વિલાસ,
કરતા હરતા પાપને, ભજીએ ભવિ 'કૈલાસ'. સિદ્ધાચલ૦-૧૮
બીજા નિર્વાણી પ્રભુ, ગઈ ચોવીસી મોઝાર,
તસ ગણધર મુનિમાં વડા, નામે કદંબ અણગાર.
પ્રભુ વચને અણસણ કરી, મુક્તિપુરીમાં વાસ,
નામે 'કદંબગિરિ' નમો, તો હોય લીલ વિલાસ. સિદ્ધાચલ૦-૧૯
પાતાળે જસ મૂળ છે, 'ઉજ્જવલ' ગિરિનું સાર,
ત્રિકરણ યોગે વંદતા, અલ્પ હોય સંસાર. સિદ્ધાચલ૦-૨૦
તન મન ધન સુતવલ્લભા, સ્વર્ગાદિ સુખભોગ,
જે વંછે તે સંપજે, શિવરમણી સંયોગ,
વિમલાચલ પરમેષ્ઠીનું, ધ્યાન ધરે ખટ્ માસ,
તેજ અપૂર્વ વિસ્તરે, પૂરે સઘળી આશ.
ત્રીજે ભવ સિદ્ધિ લહે, એ પણ પ્રાયિક વાચ,
ઉત્કૃષ્ટા પરિણામથી, અંતરમુહૂર્ત સાચ.
સર્વ 'કામદાયક' નમો, નામ કરી ઓળખાણ,
શ્રી શુભ વીરવિજય પ્રભુ, નમતાં ક્રોડ કલ્યાણ. સિદ્ધાચલ૦-૨૧

## સમ્મેતશિખરજી મહાતીર્થના સંદર્ભમાં
## શેઠ આણંદજી કલ્યાણજી પેઢી તરફથી પ્રસારિત
## પ્રેસ નોટ

ઝારખંડ રાજ્યમાં આવેલ તીર્થ શ્રી સમ્મેત શિખરજી પર્વત (પારસનાથ હીલ) જૈનો માટે ખુબજ પૂજનીય અને પવિત્ર છે અને મૂર્તિ સમાન છે. તા. ૨૩/૦૮/૨૦૧૮ ના રોજ આણંદજી કલ્યાણજી પેઢીમાંથી અમે ઝારખંડના મુખ્યમંત્રી શ્રી રઘુબરદાસજીને આ પર્વતાધિરાજની પૂજનીયતા અને પવિત્રતાને જાળવી રાખવા માટે યોગ્ય પગલાં લેવાં પત્ર પાઠવ્યો હતો.

અમોએ આચાર્ય ભગવંતોનું ખૂબ સુંદર માર્ગદર્શન મેળવીને અને સમાજના વડીલો સાથે વિચાર વિમર્શ કરીને તા. ૨૨/૧૦/૨૦૧૮ના રોજ પેઢીના ટ્રસ્ટીશ્રી શ્રીપાલભાઈ શાહ, જૈન શ્વેતાંબર સોસાયટીના પ્રમુખશ્રી કમલસિંઘજી રામપુરીયા તથા અન્ય ટ્રસ્ટીશ્રીઓ, જૈન સમાજના અગ્રણીઓ, ભારત સરકારના અલ્પ સંખ્યક આયોગના સભ્યશ્રી સુનિલભાઈ સિંધી સાથે મુલાકાત લીધી હતી.

માનનીય મુખ્યમંત્રીશ્રી એ આ પર્વતાધિરાજને પૂજનીય અને પવિત્ર યાત્રાધામ સ્થળ જાહેર કર્યો અને આ અંગે સરકારશ્રી એ હુકમ કરેલ છે. જેનાથી જૈન સમાજમાં અતિ હર્ષ અને ઉલ્લાસની લાગણી ફેલાઈ છે.

અમે ઝારખંડના માનનીય મુખ્યમંત્રીશ્રી, મુખ્ય સચિવશ્રી અને સરકારને શત શત ધન્યવાદ આપવા પૂર્વક સહુ પ્રત્યે હાર્દિક આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ

આચાર્ય ભગવંતોને અમે વંદન કરીએ છીએ અને સમગ્ર સમાજથી જે અમને સાથ અને સહકાર મળ્યો તેના માટે સર્વેનો અને ખાસ કરીને રાજ્યસભાના સાંસદશ્રી પરિમલભાઈ નથવાણી, અલ્પસંખ્યક અયોગના સભ્ય શ્રી સુનિલભાઈ સિંધી, જૈન શ્વેતાંબર સોસાયટીના પ્રમુખશ્રી કમલસિંઘજી રામપુરીયા તથા ટ્રસ્ટીશ્રીઓ તથા આણંદજી કલ્યાણજી પેઢીના ટ્રસ્ટીશ્રીઓ ને ધન્યવાદ આપવા પૂર્વક હાર્દિક આભાર વ્યક્ત કરીએ છીએ.

શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થનો વિકાસ શ્રી જૈન શ્વેતાંબર સોસાયટી અને આણંદજી કલ્યાણજી પેઢી સાથે રહીને કરશે.

झारखण्ड सरकार

पर्यटन, कला संस्कृति, खेलकूद एवं युवा कार्य विभाग

फोन- 0651-2400981, फैक्स- 0651-2400982, ई-मेल-govjharknandtourism@gmail.com, वेबसाईट : www.jharkhandtourism.gov.in

प०ज्ञा०सं० - 1391 / राँची, दिनांक 22.10.2018 /

## कार्यालय ज्ञाप

पारसनाथ सम्मेत शिखर जी पर्वत सदियों से जैन धर्मावलंबियों का विश्व प्रसिद्ध पवित्र एवं पूजनीय तीर्थ स्थल है। इसकी पवित्रता अक्षुण्ण रखने हेतु सरकार प्रतिबद्ध है।

22/x/18

सरकार के अपर सचिव

ज्ञापांक - 1391 / राँची, दिनांक - 22.10.2018 /

प्रतिलिपि : मुख्य सचिव, झारखण्ड/माननीय मुख्यमंत्री झारखण्ड सरकार के प्रधान सचिव/सभी अपर मुख्य सचिव/प्रधान सचिव/सचिव सभी विभाग, झारखण्ड/निदेशक, पर्यटन निदशालय, झारखण्ड, राँची/निदेशक, सूचना एवं जनसंपर्क निदेशालय, झारखण्ड, राँची/उपायुक्त, गिरिडीह को सूचनार्थ एवं आवश्यक कार्रवाई हेतु प्रेषित।

22/10/18

सरकार के अपर सचिव

પાલીતાણા જશકુંવર ગામ પેઢી ખાતે જિર્ણોદ્ધારિત શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયમાં મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ સહિત નિમ્ન જિનબિંબોની વિ.સ. ૨૦૭૫ મહાસુદ ૫, રવિવાર, તા. ૧૦-૨-૨૦૧૯ ના મંગળ દિવસે પાવન મુહૂર્તે પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવશે.

૧. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ (મૂળનાયક)
૨. શ્રી નમિનાથ ભગવાન
૩. શ્રી આદિનાથ ભગવાન
૪. શ્રી મહાવીરસ્વામી ભગવાન
૫. શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાન
૬. શ્રી અજિતનાથ ભગવાન
૭. શ્રી મલ્લિનાથ ભગવાન
૮. શ્રી કુંથુનાથ ભગવાન
૯. શ્રી અજિતનાથ ભગવાન
૧૦. શ્રી પાર્શ્વયક્ષ
૧૦. શ્રી પદ્માવતી દેવી

નોંધ :- પ્રાસાદ દેવીની પ્રતિષ્ઠાનો લાભ મૂળનાયકની પ્રતિષ્ઠા કરનાર ભાગ્યશાળીને મળશે.

**શ્રી કુંભારિયાજી તીર્થની યાત્રા કરી આવ્યા ?**

કુંભારિયાજી તીર્થની યાત્રાએ જવાના છો ? એ તીર્થનો મજાનો ઈતિહાસ, અજાણ વાતો, એના પાંચ દેરાસરોનો પરિચય, અજાણ વાતો, એના પાંચ દેરાસરોનો પરિચય, પાંચે દેરાસરોમાં પથરાયેલો શિલ્પ અને સ્થાપત્યનો કળા ખજાનો !

**આ બધું જોવા - જાણવા માણવા આ પુસ્તક વસાવી લ્યો !**

**પ્રાચીન તીર્થ શ્રી કુંભારિયાજી મૂલ્ય : રૂા. ૩૦/-**

શ્રી જશકુંવર ગામ પેઢી, પાલીતાણા ખાતે
શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન જિનાલયમાં
પ્રતિષ્ઠા પ્રસંગે સંભવિત મહોત્સવ આયોજન

## કાર્યક્રમની વિગત

**(પ્રથમ દિવસ) વિ.સં. ૨૦૭૫, પોષ વદ - ૧૪**

**તા. ૦૩/૦૨/૧૯ રવિવાર**

- કુંભ સ્થાપના, અખંડ દિપક, જ્વારા રોપણ

**(દ્વિતીય દિવસ) વિ.સં. ૨૦૭૫, મહા સુદ ત્રીજ,**

**તા. ૦૮/૦૨/૧૯ શુક્રવાર**

- ક્ષેત્રપાલ પૂજન
- સવારની નવકારશી
- લઘુ નંદ્યાવર્ત પૂજન
- નવગ્રહ, દશ દિક્પાલ, અષ્ટમંગલ પાટલા પૂજન
- બપોરની સાધર્મિક ભક્તિ
- દેવીપૂજન
- સાંજની સાધર્મિક ભક્તિ

**(તૃતીય દિવસ) વિ.સં. ૨૦૭૫, મહા સુદ ચોથ,**

**તા. ૦૯/૦૨/૧૯. શનિવાર**

- સવારની નવકારશી

- અઢાર અભિષેક
- બપોરની સાધર્મિક ભક્તિ
- સાંજની સાધર્મિક ભક્તિ

**(ચતુર્થ દિવસ) વિ.સં. ૨૦૭૫, મહા સુદ પાંચમ,**

**તા. ૧૦/૦૨/૧૯. રવિવાર**

- સવારની નવકારશી
- શુભ મુહૂર્તે પ્રતિષ્ઠા
- બપોરે સંઘ સ્વામી વાત્સલ્ય
- અષ્ટોત્તરી શાન્તિસ્નાત્ર પૂજન
- સાંજની સાધર્મિક ભક્તિ

**(પંચમ દિવસ) વિ.સં. ૨૦૭૫, મહા સુદ છઠ,**

**તા. ૧૧/૦૨/૧૯. સોમવાર**

- શુભ મુહૂર્તે દ્વારોદ્ઘાટન
- સવારની નવકારશી
- સત્તરભેદી પૂજા


**આપને આનંદ કલ્યાણ મેગેઝીન ગમ્યું ?**

આપને આણંદજી કલ્યાણજી પેઢીની પ્રવૃત્તિઓ વિશે જાણવામાં રૂચિ છે ? તો એક કામ કરો આપનું પુરું નામ, પુરું સરનામું, ગામ, પિન કોડ, ફોન નં., મોબાઈલ નંબર, ઈ-મેઈલ વગેરે અમને લખી જણાવશો. આપના મિત્રો-સ્વજનોના સરનામા પણ અમને જણાવશો. અમે આપને સહુને **આનંદ કલ્યાણ** મેગેજીન મોકલીશું. **અમારૂં સરનામું નોંધી રાખો.**

આનંદ કલ્યાણ મેગેજીન (ત્રૈમાસિક પત્ર)

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭

E-mail : anandkalyanmagazine@gmail.com

## સ્વચ્છ મારો શત્રુંજય

શાશ્વત ગિરિરાજ શત્રુંજયની સેવા-ભક્તિ કરવા માટેનો

**'અપૂર્વ અવસર'**

શેઠ આણંદજી કલ્યાણજી પેઢી આપને આમંત્રિત કરે છે !

**'જેના સહારે ક્રોડ તરિયા**

**મુક્તિ મુજ નિશ્ચય સહી'**

આવા ભાવ સાથે આ ગિરિરાજનું સ્મરણ પણ જન્મજન્માંતરના પાપોને પ્રજાળે છે, નષ્ટ કરે છે. તો પછી સાક્ષાત્ એ પર્વતાધિરાજની વિવિધ પ્રકારે સેવા કરવાનો અવસર મળે તો એ કેવું સદ્દભાગ્ય ગણાય !

## આરાધના અને ઉપાસના

અહોભાવપૂર્વકની ભક્તિ અને સાધનાના અનંતઅનંત પરમાણુઓ જ્યાં ઠાંસીઠાંસીને ભર્યા છે. એવા સિદ્ધગિરિની સ્પર્શના કરવાનો આવો મોકો ક્યાં મળશે ?

## જરા વિચારો

**જિંદગીના વરસો આળ પંપાળમાં વહે છે, જંજાળમાં જાય છે. બિનજરૂરી કર્મબંધ કરીને આત્મા પાપોથી ભારે થાય છે.**

થોડોક સમય કાઢીએ... આ તીર્થાધિરાજની સેવા ભક્તિ કરીને આપણા આત્માને હળવો બનાવીએ ! તીર્થ તો સર્વશ્રેષ્ઠ છે.. પૂજ્ય છે.. આરાધ્ય છે ! આજે તીર્થ વ્યવસ્થાનો સાદ છે ! સમગ્ર જૈન સંઘના શ્રદ્ધાના કેન્દ્ર સમા આ મહાતીર્થના પરમપાવન દેરાસરો, એની પુણ્યમયી ધરતી આ બધાને સાફ-સ્વચ્છ અને સુંદર બનાવવાના સેવાયજ્ઞમાં આપનો નાનકડો સહયોગ આપો !

આ સેવા યજ્ઞમાં શ્રી સંઘના સેવાભાવી સશક્ત યુવા ભાઈઓનો સહકાર અપેક્ષિત છે.

## શેઠ આણંદજી કલ્યાણજી પેઢીને જોઈએ છે

**મેનેજર/આસી. મેનેજરઃ-** ઉંમર ૪૦ વર્ષથી વધુ - ગ્રેજ્યુએટ- ધાર્મિક કે સામાજીક સંસ્થાનો ૫ વર્ષથી વધુ વહિવટી અનુભવ- સરકારી/બિનસરકારી સંસ્થાઓના કામકાજના જાણકાર. કોમ્પ્યુટર જાણકાર, ધર્મશાળા- ભોજનશાળાના વહીવટ સંભાળી શકે તેવા, જૈન તીર્થસ્થાનોમાં રહી ફરજ બજાવી શકે તેવા ઉમેદવાર.

**સુપરવાઈઝર/ક્લાર્કઃ-** ઉંમર ૨૫ વર્ષથી વધુ - ગ્રેજ્યુએટ- અંગ્રેજી, ગુજરાતી, હીન્દી, કોમ્પ્યુટર ટાઈપીંગ, એકાઉન્ટના તથા કોમ્પ્યુટરના જાણકાર, જૈન તીર્થસ્થાનોમાં રહી ફરજ બજાવી શકે તેવા ઉમેદવાર.

**પુજારીઃ-** ઉંમર ૨૨ થી વધુ- જૈન દેરાસરમાં પુજારીની કામગીરીના અનુભવી, સેવાપૂજા, આંગી, ભોજકની કામગીરીના જાણકાર, બહારગામ રહી શકે તેવા,

ઉપરોક્ત તમામ જગ્યાઓ માટે જૈન ધાર્મિક સિધ્ધાંતો, પ્રણાલિકાઓની જાણકારી ધરાવનારને અગ્રતા આપવામાં આવશે.

અરજદારે અભ્યાસ, અનુભવ વિગેરેની નકલો સાથે નીચેના સરનામે અરજી કરવી.

**શેઠ આણંદજી કલ્યાણજી પેઢી (ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ)**
'સહુને આનંદ સહુનું કલ્યાણ'
**"શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન"**
**૨૫, વસંતકુંજ, નવા શારદા મદિર રોડ,**
**પાલડી, અમદાવાદ- ૩૮૦૦૦૭**

## તીર્થ વ્યવસ્થા, સલાહ-સૂચન, દાન, સહયોગ, જીવદયા, પાંજરાપોળ જીર્ણોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટના સંપર્ક સૂત્રો :

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૨૬૬૪૪૫૦૨- ૨૬૬૪૫૪૩૦
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)
Telefax : 079 - 2660 8244
E-mail : shree_sangh@yahoo.com

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
પટણીની ખડકી, ઝવેરી ચેમ્બર્સની બાજુમાં,
ઝવેરીવાડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

મુંબઈ બ્રાંચ
શેઠ આણંદજી કલ્યાણજી
૧૦૦૧, ૧૦મે માળ, મેજેસ્ટીક શોપીંગ સેન્ટર, ૧૧૪, જે.એસ.એસ. રોડ,
ગિરગામ ચર્ચ નજીક, ગિરગામ, મુંબઈ-૪૦૦૦૦૪. ટે.નં. ૦૨૨-૨૩૮૦૮૦૪૮
(રકમ ભરવાનો સમય) સવારે ૧૧.૦૦ થી ૧.૩૦ બપોરે ૨.૦૦ થી ૬.૦૦
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા. પીન નં. ૩૬૪૨૭૦
ટેલિ.નં. : ૦૨૮૪૮-૨૫૨૧૪૮, ૨૫૩૬૫૬
ફેક્સ : ૦૨૮૪૮-૨૪૩૩૪૮
સમય : સવારે ૯ થી ૧૨-૩૦, બપોરે ૨-૩૦ થી ૭-૦૦

'શ્રી આણંદજી કલ્યાણજી' ત્રૈમાસિક પત્ર સંબંધી
તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
E-mail : anandkalyanmagazine@gmail.com

**અને છેલ્લે**

આપને જો આ અંક ગમે...... તો શું ગમ્યું ? કશુંક ના ગમે તો શું ના ગમ્યું ?
એ અમને ખુલ્લા દિલે પણ મુલાયમ કલમે જણાવશો તો અમને બહુ જ ગમશે !
પત્રવ્યવહાર માટે

ઈ-મેઈલ વધારે ઈચ્છનીય અને આવકારદાયક રહેશે.
E-mail : anandkalyanmagazine@gmail.com

'દયા ધર્મનું મૂળ છે'

# શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ



## શ્રી છાપરીયાળી પાંજરાપોળ

(સ્થાપના વિ.સ. ૧૯૦૮ ઈસ્વી. ૧૮૫૨)
અનેક અબોલ જીવોનો વિસામો

---

**જીવદયા પ્રતિપાલક યોજનામાં રૂા. ૯૦૦૦/-ના વાર્ષિક અનુદાનથી જોડાઓ અને જીવોના પાલક બનો.**

---

રોજના ફક્ત રૂા. ૨૫/- જેવી નાની રકમનું યોગદાન આપીને છાપરીયાળી પાંજરાપોળની દૈનિક નિભાવ ફંડ યોજનામાં લાભ લો અને ઘેર બેઠા રોજ ૧ પશુને તમારા તરફથી ઘાસચારા નીરણનો અમૂલ્ય લાભ મેળવો !!

જીવોના અભય દાતા બનો. દયા તમામ ધર્મોનું મૂળ છે. આજે જ પરિવારના દરેક વ્યક્તિ અથવા સંપૂર્ણ પરિવાર વતી રૂા. ૯૦૦૦/-નું પાંજરાપોળને દાન કરી લાભ લો !!

પાંજરાપોળની કોઈપણ યોજનામાં લાભ લેવા માટે
આ રકમ ચેકથી પેઢીના સરનામે મોકલી શકો છો અથવા
STATE BANK OF INDIA (જેસર બ્રાંચ)ના સેવિંગ્સ
A/C 56022001345 માં (IFSE CODE - SBIN0060022)
જમા કરાવીને સ્લીપની કોપી પેઢીના સરનામે મોકલવાથી
રસીદ આપને મોકલી આપવામાં આવશે.

---

શેઠ આણંદજી કલ્યાણજી છા. પાં. સા. ટ્રસ્ટ
મુ. પો. છાપરીયાળી, વાયા : જેસર - ૩૬૪૫૧૦. જી. ભાવનગર.
ફોન : (૦૨૮૪૪) ૨૯૦૨૪૫ / ૨૯૦૨૪૬

અંક-૧૧

શ્રી શત્રુંજય તીર્થાધિપતિ

શ્રી આદિનાથ દાદાની ૫૦૦મી સાલગીરી

MISSION 500
SUVARNA MAHOTSAV CELEBRATION

સંવત ૨૦૮૭ વૈશાખ વદ-૬
સોમવાર તા.૧૨-૫-૨૦૩૧

BOOK - POST

To,


**શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**

**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,**

**નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.**

**E-mail : anandkalyanmagazine@gmail.com**